बिरसा मुंडा
ट्रायबल युनिवर्सिटी,
राजपिपला

Birsa Munda
Tribal University,
Rajpipla

गरीयसी पुण्यारण्य संस्कृतिः।

# આસી. રજીસ્ટ્રાર સંવર્ગની પ્રોવિઝનલ આન્સર કી

તા.૨૮/૦૨/૨૦૨૬ અને તા.૦૧/03/૨૦૨૬ નાં રોજ લેવાયેલ લેખિત પરીક્ષાની Provisional Answer Key (આ સાથે પ્રશ્નપત્રનું અસલ સ્વરૂપ જવાબો સાથે ઉપલબ્ધ છે.)

**નોંધ :**

- સદર પ્રશ્નપત્રમાં નીચે મુજબની વિગતોએ પ્રશ્ન રદ્ કરવામાં આવેલ છે.
  - A આસી. રજીસ્ટ્રાર સંવર્ગમાં https://bmtu.ac.in/ પર પ્રસિધ્ધ કરેલ પ્રતમાં ક્રમ નં.૧૦૭ પરનો પ્રશ્ન રદ્ કરેલ છે.
- આ Provisional Answer Key અંગે ઉમેદવારોએ કોઇ વાંધા / રજુઆત કરવી હોય, પ્રશ્ન – વિસંગતતા, ટાઇપોગ્રાફી ભૂલ, વિકલ્પ ભૂલ વગેરે અંગે તા.૦૬/03/૨૦૨૬ સુધીમાં રૂબરૂમાં / ઇ-મેઇલથી osd@bmtu.ac.in પર વિગતવાર આધાર પુરાવાઓ સાથે રજુઆત કરવાની રહેશે.
- વિગતવાર / આધાર પુરાવાઓ વિનાની અને નિયત સમયમર્યાદા પછીની રજુઆત ધ્યાનમાં લેવામાં આવશે નહિ.
- નિયત સમયમર્યાદામાં મળેલ રજુઆત ધ્યાનમાં લીધા બાદ અત્રેથી ફાઇનલ આન્સર કી પ્રસિધ્ધ કરવામાં આવશે. અને પરિણામ અંગે વિચારણા કરવામાં આવશે.

# EXAM CODE-639825
# Assistant Registrar
# Provisional Answer Key

## સૂચના ન મળે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.

1. આપેલ તમામ પ્રશ્નના ગુણ સરખા છે.

2. પ્રશ્નપત્રમાં ઉમેદવારે ડમી કોડ / સીટ નંબર સિવાય કશુ લખવુ નહિ. પ્રશ્નપત્ર બુકલેટમાં જવાબો ટીક કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

3. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. બધાજ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. આ સાથે આપેલ અલગ OMR શીટમાં જ ઉત્તર આપવાના છે.

   **ઉદાહરણ તરીકે :**

   ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?

   (A) સરદાર પટેલ (B) સુભાષચંદ્ર બોઝ

   (C) મહાત્માં ગાંધી (D) વિનોબા ભાવે

   OMR શીટ માં

   Ⓐ Ⓑ ● Ⓓ

   ઉપર ના ઉદાહરણ નો જવાબ “C” છે. આથી “C” નું વર્તુળ કાળું (encode) કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સુચના OMR શીટમા આપેલ છે જેની નોંધ લેવી.

4. ઉમેદવારે વાદળી / કાળી બોલપોઇન્ટ પેન નો જ ઉપયોગ કરવા નો છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહી નો ઉપયોગ કરી શકશે નહી તથા સફેદ શાહી (White Ink). બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઇપણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહી.

5. દરેક પ્રશ્નપત્ર / બુકલેટમાં **200** પ્રશ્ન છે. બધા જ પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પુરા છપાયા ન હોય અથવા કોઇ પૃષ્ઠ ફાટેલુ હોય કે કોઇ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઇ ક્ષતિ જણાય તો તરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.

6. ઉમેદવારોને OMR શીટ મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવાર ગેરલાયક ઠેરાવવામાં આવશે. ઉપરાંત ફોજદારી ગુનાને પણ પાત્ર બનશે.

7. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

8. ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુપસુપ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સુચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. કોઇ પણ પ્રકારની ગેરશિસ્ત બદલ પગલા લેવાશે.

9. OMR શીટમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહી તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઇપણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

10. ઉમેદવાર દ્વારા OMR સીટ માં જો સીટ નંબર પ્રશ્ન પુસ્તિકા સેટનો નંબર ખોટો લખવામાં આવશે કે ખોટો એનકોડ (Encode) કરવામાં આવશે તો આવી ક્ષતિયુક્ત OMR સીટ ઓટોમેટીક મશીન / રીડર દ્વારા જો તપાસી નહી શકાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે.

11. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઇપણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનુ જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

12. પરીક્ષાનો સમય પૂરો થયા પછી ઉમેદવારે જવાબ લખવાનું ચાલુ રાખવુ નહી. પરીક્ષાના અંતે ઉમેદવાર દ્વારા લેખિતમાં અભિપ્રાય અપેક્ષિત અને ઇચ્છનિય છે.

13. આ OMR શીટ કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહી તેની ખાસ કાળજી રાખવી તથા OMR શીટ ની ઘડી વાળવી નહી.

| |
|---|
| પરીક્ષા પુરી થયાબાદ અસલ પ્રશ્નપત્ર અને OMR શીટ વર્ગ નિરીક્ષકને સોંપ્યાબાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. તથા ફોજદારી પગલા લેવાને પણ પાત્ર થશે. |

1 ભારતનું પ્રથમ સ્વદેશી પ્રદૂષણ નિયંત્રણ જહાજ ICGS સમુદ્ર પ્રતાપ, કયા રાજ્યમાં કાર્યવંત કરવામાં આવેલ હતું?

(A) મહારાષ્ટ્ર (B) કેરળ

(C) તામિલનાડુ (D) ગોવા

2 કયા રાજ્યના રાજ્યપાલ દ્વારા બાળકોમાં ''મૂલ્ય આધારિત શિક્ષણ કાર્યક્રમ - સંસ્કાર શાળા'' શરૂ કરવામાં આવેલ છે?

(A) પશ્ચિમ બંગાળ (B) મેઘાલય

(C) આસામ (D) ત્રિપુરા

3 BIMSTEC રાષ્ટ્રો માટે વિશેષ કેન્સર સંભાળ તાલીમ કાર્યક્રમનો બીજો તબક્કો કયા શહેરમાં શરૂ કરેલ છે?

(A) ચેન્નાઈ (B) વિશાખાપટ્ટનમ્

(C) હૈદરાબાદ (D) કોચી

4 બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી (BMTU) કાયદાને માન. રાજ્યપાલશ્રીએ કઈ તારીખે મંજૂરી આપેલ હતી?

(A) 31-3-2017 (B) 30-4-2017

(C) 31-5-2017 (D) 30-6-2017

5 BMTUના ઉદ્દેશો કાયદાની કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) કલમ-2 (B) કલમ-3

(C) કલમ-4 (D) કલમ-5

6 રાજ્ય સરકારને કાયદા દ્વારા કરવાની જોગવાઈઓના પાલન માટે, જરૂરી નિર્દેશો જારી કરવાની સત્તા રહેશે. આ જોગવાઈ કાયદાની કઈ કલમમાં છે?

(A) 8 (1) (B) 8 (2)

(C) 9 (1) (D) 9 (2)

7 BMTUના અધિકારીઓની યાદી કાયદાની કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 9 (B) 10

(C) 11 (D) 12

8 BMTUના કાયદા મુજબ વાઈસ ચાન્સેલરશ્રી મહત્તમ કેટલા સમય સુધી હોદ્દા ઉપર રહી શકે છે?

(A) ચાર વર્ષ (B) પાંચ વર્ષ

(C) છ વર્ષ (D) સાત વર્ષ

9 પ્રો. વાઈસ ચાન્સેલરની નિમણૂક કોણ કરે છે?

(A) સરકારશ્રી (B) ચાન્સેલરશ્રી

(C) વાઈસ ચાન્સેલરશ્રી (D) રજિસ્ટ્રારશ્રી

10 નીચેનાં વાક્યો ચકાસોઃ

1. દરેક ફેકલ્ટી માટે એક ડીન હશે.

2. ડીન પોતાનો હોદ્દો પાંચ વર્ષ સુધી રાખી શકાશે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

11 કંટ્રોલર ઑફ એક્ઝામ (Controller of Exam) અંગેની જોગવાઈ BMTU કાયદાની કઈ કલમમાં છે?

(A) કલમ-20 (B) કલમ-19

(C) કલમ-18 (D) કલમ-17

12 ''બોર્ડ ઑફ ગવર્નર્સ''માં સામાન્ય સભ્યો (Ordinary members) કેટલા હોય છે?

(A) 15 (B) 17

(C) 19 (D) 21

13 એકેડેમિક કાઉન્સિલ (Academic Council)માં મહત્તમ કેટલા સભ્યો હોઈ શકે?

(A) 15 (B) 13

(C) 11 (D) 9

6398250060 6398250060

**14** 396, 462, 572, 427, 671, 264

ઉપરોક્ત આંકડાઓ પૈકી કયો અંક યોગ્ય નથી?

(A) 396 (B) 462

(C) 572 (D) 427

**15** 1, 4, 9, 16, 20, 36, 49

ઉપરોક્ત આંકડાઓ પૈકી કયો અંક યોગ્ય નથી?

(A) 1 (B) 9

(C) 20 (D) 49

**16** રૂ. 9,800, રૂ. 75 બજારભાવવાળા 9% સ્ટૉકમાં અને રૂ. 80 બજારભાવવાળા 10% સ્ટૉકમાં રોકાણ કરે છે અને બન્નેમાં સમાન આવક મેળવે છે. આ સંજોગોમાં 9% વ્યાજ વાળા સ્ટૉકમાં કેટલું રોકાણ હશે?

(A) રૂ. 4,800 (B) રૂ. 5,000

(C) રૂ. 5,400 (D) રૂ. 5,600

**17** સાદા વ્યાજે રાખેલ એક રકમ ત્રણ વર્ષમાં રૂ. 815 અને ચાર વર્ષમાં રૂ. 854 થાય છે. મૂળ મુદ્દલ કેટલી હશે?

(A) રૂ. 650 (B) રૂ. 690

(C) રૂ. 698 (D) રૂ. 700

**18** નીચેનાં વાક્યો ચકાસો -

1. ગુપ્ત કાળ સમયના સોનાના / ચાંદીના સિક્કા મળી આવેલ છે.
2. મૈત્રક રાજ્યની સ્થાપના લગભગ ઈ.સ. 470માં થયેલ. તેઓનો કુળ ધર્મ શૈવ હતો.

(A) માત્ર 1 યોગ્ય છે.

(B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.

(D) 1, 2 બન્ને યોગ્ય નથી.

6398250060 6398250060

19 નીચેનાં વાક્યો ચકાસો -

1. લાંઘણજ ગામની નજીકની રેતીમાં લગભગ 14 માનવ કબરો મળેલ છે. આ કબરોમાં પ્રાણીના હાડકાં પણ મળેલ છે.
2. શિકારપુર હાલના ભચાઉ તાલુકામાં આવેલ છે. મુદ્રાઓ, મુદ્રિકાઓ, આભૂષણો મળેલ છે. 1955-56માં પ્રથમ વખત ઉત્ખનન થયેલ હતું.

(A) 1, 2 બન્ને યોગ્ય નથી. (B) 1, 2 બન્ને યોગ્ય છે.
(C) માત્ર 1 યોગ્ય છે. (D) માત્ર 2 યોગ્ય છે.

20 નીચેનાં વાક્યો ચકાસો -

1. જૂનાગઢના ગિરનારની તળેટીમાં ભવનાથનો મેળો યોજાય છે.
2. માધવપુર ઘેડનો મેળો પોરબંદર પંથકમાં યોજાય છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1, 2 બન્ને યોગ્ય છે. (D) 1, 2 બન્ને યોગ્ય નથી.

21 ગુજરાતમાં આદિમ જાતિઓ (Primitive Tribes) કેટલી છે?

(A) 3 (B) 4
(C) 5 (D) 6

22 નીચેનાં વાક્યો ચકાસો -

1. ગામીત સૂર્યવંશી રાજપૂત જાતિના હોય છે.
2. તેઓ મૂળ સિંધ પ્રદેશના રહેવાસી હતા.
3. આમની વસ્તી મુખ્યત્વે સુરત, ભરૂચ, વલસાડમાં જોવા મળે છે.

(A) માત્ર 1, 2 યોગ્ય છે. (B) માત્ર 2, 3 યોગ્ય છે.
(C) માત્ર 1, 3 યોગ્ય છે. (D) 1, 2, 3 બધા જ યોગ્ય છે.

23 ડિસ્કેટ (diskettes)ની તુલનામાં હાર્ડડિસ્ક -

(A) વધારે ખર્ચાળ છે. (B) વધુ પોર્ટેબલ છે.
(C) ઓછી રીજીડ છે. (D) ધીમે-ધીમે એક્સેસ કરે છે.

24 મોલેક્યુલર સ્કેલ કમ્પ્યૂટરને શું નામ આપવામાં આવેલ છે?

(A) ફેમ્ટો કમ્પ્યૂટર (B) નેનો કમ્પ્યૂટર
(C) સુપર કમ્પ્યૂટર (D) માઈક્રો કમ્પ્યૂટર

25 ઈન્ટેલ કોર્પોરેશન અને ટેક્સાસ ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા ઉત્પાદિત પ્રથમ માઇક્રોપ્રોસેસરનો ઉપયોગ મુખ્યત્વે શામાં થયેલ હતો?

(A) માઈક્રોવેવ ઓવન (B) વૉશિંગ મશીન
(C) કેલ્ક્યુલેટર (D) પર્સનલ કમ્પ્યૂટર

26 કમ્પ્યૂટર ખૂબ જ ઝડપી છે, તેની યાદશક્તિ અદભુત છે. પરંતુ તે માત્ર _____ યાદ રાખી શકે છે. ખાલી જગ્યા પૂરો.

(A) સૂચનાઓ

(B) 1 અને 0ની શ્રેણી (Series of 1s and 0s)

(C) બુલિયન બીજગણિત

(D) લૉજિક થિયરમ

27 પ્રથમ ઈલેક્ટ્રોનિક ડિજિટલ કમ્પ્યૂટરમાં શું હતું?

(A) વેક્યુમ ટ્યુબ

(B) ઈલેક્ટ્રોનિક વાલ્વ

(C) ટ્રાન્ઝિસ્ટર

(D) સેમિકન્ડક્ટર મેમરી

28 EBCDIC કેટલા અલગ-અલગ કેરેક્ટરને કોડ કરી શકે છે?

(A) 8

(B) 16

(C) 64

(D) 256

29 જે સંસ્થા સફળતાપૂર્વક લક્ષ્યો પ્રાપ્ત કરે છે તેને શું કહે છે?

(A) કાર્યક્ષમ

(B) પ્રણાલીગત

(C) અસરકારક

(D) વાજબી

30 સંસ્થા કે જે પોતાનાં સાધનોનો સમજદારીપૂર્વક ઉપયોગ કરે છે, ખર્ચ અસરકારક રીતે કરે છે તેને શું કહે છે?

(A) રૂઢિચુસ્ત

(B) આધુનિક

(C) અસરકારક

(D) કાર્યક્ષમ

31 ''વહીવટી વ્યવસ્થાપન'' માટે સૌથી સ્પષ્ટ પ્રવક્તા કોણ હતા?

(A) મેક્સ વેબર

(B) ચેસ્ટર બર્નાડ

(C) લિન્ડલ ઉધિક

(D) હેનરી ફેયોલ

32 જ્યારે બે અથવા વધારે સીસ્ટમ એક સાથે કામ કરીને કુલ ઉત્પાદન કરતા વધારે ઉત્પાદન કરે છે ત્યારે તેને શું કહે છે?

(A) ઓપન સીસ્ટમ (B) ક્લોઝ સીસ્ટમ
(C) સબ સીસ્ટમ (D) સિનર્જા

33 સંસ્થામાં કલ્પનાત્મક અને નિદાન કૌશલ્યનો ઉપયોગ કોના દ્વારા કરવામાં આવે છે?

(A) ટોચના મેનેજરો (B) મધ્યકક્ષાના મેનેજરો
(C) પ્રથમ લાઈન મેનેજરો (D) સુપરવાઈઝર

34 '' 'આમુખ' એ સંવિધાનનો ભાગ છે.'' આ બાબત કઈ ચુકાદાથી નિર્ણિત થયેલ છે?

(A) રોમેશ થાપર વિરુદ્ધ સ્ટેટ ઑફ મદ્રાસ
(B) ગોકુળનાથ વિરુદ્ધ સ્ટેટ ઑફ પંજાબ
(C) કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઑફ કેરલ
(D) મીનરવા મિલ્સ વિરુદ્ધ યુનિયન ઑફ ઈન્ડિયા

35 બંધારણની કલમ અને તેની વિગતો યોગ્ય રીતે ગોઠવો :

| | *કલમ* | | *વિગતો* |
|---|---|---|---|
| 1. | 5 | a. | ખિતાબોની નાબૂદી |
| 2. | 14 | b. | કારખાનામાં બાળકોને નોકરીનો પ્રતિબંધ |
| 3. | 18 | c. | સંવિધાનના આરંભે નાગરિકતા |
| 4. | 24 | d. | કાયદા સમક્ષ સમાનતા |

(A) 1-c, 2-d, 3-a, 4-b (B) 1-d, 2-a, 3-b, 4-c
(C) 1-a, 2-b, 3-c, 4-d (D) 1-b, 2-c, 3-d, 4-a

36 રાજ્યનીતિના સિદ્ધાંતોમાં દર્શાવેલ કલમો અને વિગતોની મુલવણી કરો.

1. ગ્રામ પંચાયતોની રચના - કલમ 40
2. નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો - કલમ 44

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1, 2 બન્ને યોગ્ય છે. (D) 1, 2 બન્ને યોગ્ય નથી.

37 નીચેની જોગવાઈઓ તપાસો :

1. કલમ 51 ક (ઘ) દેશનું રક્ષણ કરવાની હાકલ થતા તેમ કરવાની ફરજ
2. કલમ 51 ક (ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની

(A) 1, 2 બન્ને યોગ્ય છે. (B) 1, 2 બન્ને યોગ્ય નથી.
(C) માત્ર 1 યોગ્ય છે. (D) માત્ર 2 યોગ્ય છે.

38 રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની જોગવાઈ કયા ભાગમાં દર્શાવેલ છે?

(A) 3 (B) 4
(C) 5 (D) 6

39 GPU Act, 2013માં યુનિવર્સિટીના ઉદ્દેશ (Objects of University) કાયદાની કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 4 (B) 5

(C) 6 (D) 7

40 GPU Actની કઈ કલમ વાઈસ-ચાસેલરની નિમણૂક માટે મહત્ત્વની છે?

(A) 8 (B) 9

(C) 10 (D) 11

41 GPU Act અન્વયે યુનિવર્સિટીના ''અધિકારીઓ જાહેર સેવક ગણાય છે.'' આ જોગવાઈ કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 12 (B) 13

(C) 14 (D) 15

42 GPU Act, 2013ની કઈ કલમમાં ''બોર્ડ ઑફ મૅનેજમેન્ટ''માં સભ્ય સંખ્યા બાબતે કઈ કલમમાં જોગવાઈ કરેલ છે?

(A) 14 (5) (B) 14 (6)

(C) 15 (5) (D) 15 (6)

43 નીચેનાં વાક્યો ચકાસો -

1. GPU Act, 2013ના નિયમ 32 હેઠળ વિદ્યાર્થીઓના નામાંકન અંગેની જોગવાઈ કરેલ છે.
2. શિસ્ત અને શિસ્તભંગની કાર્યવાહીની સત્તા કલમ 33 હેઠળ રજિસ્ટ્રારને આપવામાં આવેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.

(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

44 ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો - 2002 (G.C.S.R. - 2002), હેઠળ ''નિમણૂક સત્તાધિકારી''ની વ્યાખ્યા કયા નિયમમાં આપેલ છે?

(A) 9 (4) (B) 9 (5)

(C) 9 (6) (D) 9 (7)

45 G.C.S.R. - 2002માં નોકરીની સામાન્ય શરતો કયા પ્રકરણમાં દર્શાવેલ છે?

(A) 6 (B) 5

(C) 4 (D) 3

6398250060 6398250060

46 નીચેનાં વાક્યો ચકાસો -

1. નિયમ 34 મુજબ સરકારી કર્મચારીનો સંપૂર્ણ સમય સરકારના નિયમન પાત્ર છે.
2. નિયમ 36 હેઠળ સરકારી નોકરીમાંથી રાજીનામું આપવા બાબતની જોગવાઈ કરેલ છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે. (B) માત્ર 1 યોગ્ય છે.
(C) માત્ર 2 યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

47 સેવા પત્રકની જાળવણીની જોગવાઈ કયા નિયમમાં દર્શાવેલ છે?

(A) 36 (B) 37
(C) 39 (D) 41

48 નીચેનાં વાક્યો ચકાસો -

1. સેવાપોથીમાં ચરિત્ર અંગેનાં પ્રમાણપત્રો નોંધવા ફરજિયાત છે.
2. સેવાપોથીની ચકાસણી દર વર્ષે એપ્રિલ માસમાં કરવામાં આવે છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

49 ગુજરાત મુલ્કી સેવા નિયમો 2002, હેઠળ સત્તા સોંપણીની જોગવાઈ કયા પરિશિષ્ટમાં કરવામાં આવેલી છે?

(A) 1 (B) 2
(C) 3 (D) 4

50 ગુજરાત પ્રોક્યોરમેન્ટ પૉલિસી (GPP - 2024) કયા વિભાગે બહાર પાડેલ હતી?

(A) કૃષિ અને સહકાર વિભાગ (B) ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
(C) નાણાં વિભાગ (D) ઉદ્યોગ અને ખાણ વિભાગ

51 જ્યારે બીડ માટે, જે વ્યક્તિની બીડ સ્વીકારવામાં આવતી નથી, ત્યારે નિષ્ફળ ગયેલ બીડરની EMD કેટલા સમયમાં પરત કરવાની રહે છે?

(A) 3 દિવસ (B) 7 દિવસ
(C) 10 દિવસ (D) 15 દિવસ



6398250060

52 ''ટેન્ડર સિવાયની ખરીદી'' માટેના સંદર્ભ સાથે નીચેનાં વાક્યો ચકાસો :

1. કેટેગરી A - જેલ
2. કેટેગરી B - ભારત / રાજ્ય સરકારની કંપનીઓ, જાહેર ક્ષેત્રના એકમોનો સમાવેશ થાય છે.

(A) A કેટેગરીનું વિવરણ યોગ્ય છે. (B) B કેટેગરીનું વિવરણ યોગ્ય છે.
(C) A, B વિવરણ યોગ્ય છે. (D) A, B વિવરણ યોગ્ય નથી.

53 ગુજરાત ફાઈનાન્શિયલ રૂલ્સ (GFR - 1971)માં મહેસૂલ અને આવક બાબતની જોગવાઈ કયા પ્રકરણમાં દર્શાવેલ છે?

(A) 1 (B) 2
(C) 3 (D) 4

54 નીચેનાં વાક્યો ચકાસો :

1. નિયમ-13 મુજબ તપાસણી અધિકારીએ માગેલ હોય તેવી માહિતી, ચોપડા તાબાના અધિકારીએ આપવાની રહેશે.
2. સરકારી વ્યવહારોમાં થયેલ નુકસાનની જાણ કરવાની જોગવાઈ કલમ 20માં દર્શાવેલ છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે. (B) 1 અને 2 બન્ને યોગ્ય નથી.
(C) માત્ર 1 યોગ્ય છે. (D) માત્ર 2 યોગ્ય છે.

55 નીચેનાં વાક્યો ચકાસો -

1. નિયમ-32 હેઠળ કોઈ પણ રકમ બાકી રાખવા બાબતની જોગવાઈ / શરતો દર્શાવેલ છે.
2. નિયમ-36 હેઠળ સરકારી નોકરીમાં ન હોય તેવી વ્યક્તિને સરકારી માલિકીનો બંગલો, ફ્લેટ વગેરે ભાડે આપવાની જોગવાઈ દર્શાવેલ છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

56 નીચેનાં વાક્યો ચકાસો :

1. રજિસ્ટ્રારની નિમણૂક, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ (GPU Act)-2023 કલમ-12 હેઠળ કરવામાં આવે છે.
2. બોર્ડ ઑફ મૅનેજમેન્ટ એ આખરી નિર્ણય લેનાર તથા નીતિવિષયક નિર્ણય લેનાર સત્તાધિકારી છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

57 GPUA-2023, કાયદા, વટહુકમો અને નિયમો બાબતની જોગવાઈ કયા ચેપ્ટરમાં કરેલ છે?

(A) 3 (B) 4
(C) 5 (D) 6

58 ''અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોના વહીવટ'' બાબતની જોગવાઈ કઈ કલમમાં છે?

(A) 246 (B) 245

(C) 244 (D) 243

59 આંતરરાજ્ય નદીઓ, પાણી બાબતની તકરાર કોણ સાંભળે છે?

(A) માનનીય રાષ્ટ્રપતિ

(B) માનનીય વડાપ્રધાન

(C) માનનીય ઉચ્ચતમ ન્યાયાલય

(D) સંબંધિત રાજ્યના મુખ્યમંત્રી

60 ખૂબ જ નીચા તાપમાને થતી ઘટનાઓનો અભ્યાસ કરતા વિજ્ઞાનને શું કહે છે?

(A) રેફ્રેજેનિક્સ (B) ક્રાયોજેનિક્સ

(C) સાયટોજેનિક્સ (D) ફોઝનિક્સ

61 લાઉડ સ્પીકરના ધ્વનિ તરંગો શાના કારણે થાય છે?

(A) આવર્તન - ફ્રિક્વન્સી

(B) પીચ (Pitch)

(C) સ્પંદન - વાયબ્રેશન

(D) કંપન વિસ્તાર (એમપ્લીટ્યુડ)

62 જીવંત જીવમાં થતી બધી જૈવિક પ્રતિક્રિયાઓને શું કહે છે?

(A) એનાબોલિઝમ (B) કેટાબોલિઝમ

(C) મેટાબોલિઝમ (D) મેટામોર્ફોસિસ

63 ''વેબ પેજ''ને લખવા માટે કોની મદદ લેવાય છે?

(A) HTML (B) HTTP

(C) FTP (D) URL

64 ભોપાલ ગૅસ દુર્ઘટના કયા ગૅસથી થઈ હતી?

(A) ફોસ્જેન ગૅસ (B) કાર્બન મોનોક્સાઈડ

(C) મિથાઈલ આઈસોસાયનેટ (D) ક્લોરીન

65 ''લોક સેવા આયોગ''નાં કાર્યો અંગેની જોગવાઈ ભારતના બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 320 (B) 319

(C) 318 (D) 317

66 ''અનુસૂચિત આદિજાતિઓ માટે રાષ્ટ્રીય આયોગ''ની જોગવાઈ, બંધારણની કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 338 (B) 338 (ક)

(C) 339 (D) 339 (ક)

67 ''સંઘની રાજભાષા દેવનાગરી લિપિવાળી હિન્દી રહેશે'' આ જોગવાઈ સંવિધાનની કઈ કલમમાં કરેલ છે?

(A) 343 (B) 344

(C) 345 (D) 346

68 ભારતના બંધારણમાં ''કટોકટી ઉદઘોષણાની અસર'' બાબતની જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલ છે?

(A) 350 (B) 351

(C) 352 (D) 353

69 ભારતના બંધારણમાં ''નાણાકીય કટોકટી વિષેની જોગવાઈઓ''ની જોગવાઈ કઈ કલમમાં કરેલ છે?

(A) 360 (B) 361

(C) 362 (D) 363

70 ISRO મુજબ, ચંદ્રયાન-2, ચંદ્ર મિશન ચંદ્રના કયા ક્ષેત્રનું અન્વેષણ કરશે?

(A) ઉત્તર ધ્રુવ (B) દક્ષિણ ધ્રુવ

(C) ઉત્તર પશ્ચિમ ભાગ (D) વણશોધાયેલ ભાગ

71 લોહીને ગંઠાઈ જવામાં કયું ઘટક મદદ કરે છે?

(A) વિટામિન A (B) વિટામિન B

(C) વિટામિન C (D) વિટામિન K

72 ધાતુના વાયર દ્વારા કયા કણની ગતિને વિદ્યુત પ્રવાહ કહેવામાં આવે છે?

(A) ઋણભારિત ઈલેક્ટ્રોન (B) પોઝિટ્રોન

(C) ન્યુટ્રોન (D) ફોટોન

73 નોર્મન ઈ. બોર્લોગ કઈ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે?

(A) ગ્રીન રીવોલ્યુશન (B) વ્હાઈટ રીવોલ્યુશન

(C) પીંક રીવોલ્યુશન (D) બ્લ્યુ રીવોલ્યુશન

74 સમસ્યાનું નિરાકરણ કરવાના નિર્ણયાત્મક ભાગનું વર્ણન કરવાં ''A.I.''માં કયા શબ્દનો ઉપયોગ થાય છે?

(A) Heuristic (B) Critical

(C) Value based (D) Analytical

75 ''A.I.''માં ઉત્પાદન પ્રક્રિયાના કયા તબક્કાને "the mapping of function on to form" તરીકે વર્ણવવામાં આવેલ છે?

(A) ડિઝાઈન (B) ડિસ્ટ્રિબ્યુશન

(C) પ્રોજેક્ટ મૅનેજમેન્ટ (D) ફિલ્ડ સર્વિસ

76 ગુજરાત પબ્લિક યુનિ. એક્ટ (GPU Act) 2023ને ગુજરાત એક્ટ નંબર _______ 2023નો ગણવામાં આવે છે.

(A) 15 (B) 14

(C) 13 (D) 12

77 Fill in the blank:

My uncle decided to take ________ and my sister to the market.

(A) I (B) mine

(C) me (D) myself

78 Fill in the blank:

Piyush behaves strangely at times, and therefore nobody gets ________ with him.

(A) about (B) through

(C) along (D) up

79 Select the proper meaning for "To wrangle over an ass's shadow".

(A) To act in a foolish way

(B) To do something funny

(C) To quarrel over trifles

(D) To quarrel over possession of donkey

80 Select the proper meaning for "To have one's heart in one's boots".

(A) To be deeply depressed (B) To be frightened

(C) To get angry (D) To keep a secret

81 Give meaning of underlined word.

The police fired at random at the violent crowd and several persons lost their lives.

(A) pointly (B) aimlessly

(C) unwillingly (D) intentionally

82 He is really worth his salt.

(A) loyal (B) affectionate

(C) of value (D) untrustworthy

83 નીચેના વાક્યમાં કયો અલંકાર આવેલ છે?

કામિની કોકીલા કેવી કુંજન કરે,

સાગરે ભાસતી ભવ્ય આરતી.

(A) શબ્દાલંકાર (B) શબ્દાનુપ્રાસ અલંકાર

(C) અર્થાલંકાર (D) શ્લેષ અલંકાર

84 નીચેનાં વાક્યો ચકાસો.

1. અક્ષરમેળ છંદમાં અક્ષર તથા ગણ નક્કી છે.
2. માત્રામેળ છંદમાં પંક્તિની માત્રા નક્કી હોય છે.

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1, 2 બન્ને યોગ્ય નથી.

85 ગુજરાતના લેખકો અને ઉપનામની કઈ જોડી યોગ્ય નથી?

(A) મણિશંકર રત્નજી ભટ્ટ - કાન્ત
(B) બળવંતરાય કલ્યાણરાય ઠાકોર - સેહની
(C) રામનારાયણ પાઠક - શેષ
(D) ચંદ્રકાંત કેશવલાલ બક્ષી - માય ડિયર જયુ

86 ''એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન.
આ છપ્પાના લેખક કોણ છે?

(A) અખો
(B) નર્મદ
(C) નર્મદ ચાવડા
(D) મુકેશ ગાંધી

87 કયા રૂઢિ પ્રયોગનો અર્થ બરોબર નથી?

(A) હાથ પીળા કરવા - લગ્ન કરવા
(B) હાથથી જવું - ખોવાયેલ મળી જવું
(C) હાથ ઉપર રાખવો - અહેસાન કરવું
(D) હાથ ઘસતા રહી જવું - તક ગુમાવવી

88 નીચેના પૈકી કયા શબ્દની અર્થભેદની જોડી યોગ્ય નથી?

(A) પલિત - શ્વેત થયેલ, પલીત - ભૂત
(B) પુરી - નગરી, પૂરી - ખાવાની વાનગી
(C) પુંજ - મીઠું, પૂંજ - ઢગલો
(D) રતિ - અનુરાગ, રતી - ચણોઠીભર

89 નીચેના પૈકી કઈ જોડણી યોગ્ય નથી?

(A) છબીલું
(B) ઢાળિયું
(C) પરબીડિયું
(D) તારિખીયું

90 નીચેના પૈકી જોડણી યોગ્ય છે

1. કોઠીમડું
2. હૂંડિયામણ
3. આગિયો
4. વરીયાળિ

(A) 1, 2 અને 4
(B) 2, 3 અને 4
(C) 1, 2 અને 3
(D) 1, 3 અને 4

91 જાપાનમાં મીનામાટા રોગ (Minamata disease) કયા પદાર્થને કારણે થયેલ પાણી પ્રદૂષણને આભારી હતો?

(A) સીસું (Lead)
(B) પારો (Mercury)
(C) સાયનાઈડ (Cyanide)
(D) આર્સેનિક (Arsenic)

92 પીળી ક્રાંતિ કઈ બાબત સાથે સંબંધિત છે?

(A) કઠોળનું ઉત્પાદન
(B) તેલીબિયાં ઉત્પાદન
(C) દૂધ ઉત્પાદન
(D) મત્સ્ય ઉત્પાદન

93 ભારતનું પ્રથમ અણુમથક કયા રાજ્યમાં સ્થાપવામાં આવેલ હતું?

(A) મહારાષ્ટ્ર
(B) ઉત્તર પ્રદેશ
(C) ગુજરાત
(D) રાજસ્થાન

94 ભારતના પ્રથમ સુપર કમ્પ્યૂટરને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) સાગા
(B) પરમ 800
(C) પરમ 80
(D) પરમ 8000

95 અવકાશમાં જનાર પ્રથમ ભારતીય કોણ હતાં?

(A) રવી મલ્હોત્રા
(B) સતીષ ધવન
(C) રાકેશ શર્મા
(D) કલ્પના ચાવલા

96 રહેણાંક વિસ્તારોમાં મહત્તમ અવાજનું સ્તર કેટલું હોવું જોઈએ?

(A) 30 ડેસિબલ
(B) 55 ડેસિબલ
(C) 85 ડેસિબલ
(D) 100 ડેસિબલ

97 ''ઍસિડ રેઈન'' માટેનું કારણ શું છે?

(A) ભેજ
(B) પ્રદૂષક વાયુઓ
(C) વસ્તી વિસ્ફોટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



6398250560

98 ઓઝોન સ્તરને કયો વાયુ વધુ નુકસાન કરે છે?

(A) ઑક્સિજન (B) આર્ગોન

(C) ક્લોરોફ્લોરો કાર્બન (D) હાઈડ્રોજન

99 પેટ્રોલની ગુણવત્તાનું એકમ શું છે?

(A) ગોલ્ડ નંબર (B) સિટેન નંબર

(C) મિથેન નંબર (D) ઑક્ટેન નંબર

100 પૃથ્વીનો ભાગ જ્યાં જીવ અસ્તિત્વ ધરાવે છે, તેને શું કહે છે?

(A) લિથોસ્ફિયર (B) હાઈડ્રોસ્ફિયર

(C) એટમોસ્ફિયર (D) બાયોસ્ફિયર

101 ગ્રોથ હૉર્મોન કોના દ્વારા ઉત્પન્ન થાય છે?

(A) હાડકા (B) પિટ્યુટરી ગ્રંથિ

(C) થાઈરોઈડ ગ્રંથિ (D) એડ્રીનલ ગ્રંથિ

102 નાઈટ્રોજન એ કોનો આવશ્યક ઘટક છે?

(A) કાર્બોહાઈડ્રેટ્સ (B) ચરબી

(C) પ્રોટીન (D) વિટામિન્સ

103 સીસ્મોલૉજી (Seismology) એ _______ માટેનો અભ્યાસ કરે છે.

(A) વાતાવરણ (B) ભૂકંપ

(C) અશ્મિભૂત (D) રેશમના કીડાનું સંવર્ધન

104 ઑક્સિજનની શોધ કોણે કરેલ હતી?

(A) રૂથરફોર્ડ (B) વિલિયમ હાર્વે

(C) પ્રિસ્ટલી (D) ગેલેલિયો

6398250060

105 નીચેના પૈકી કયો સમાસ તત્પુરુષ સમાસ છે?

(A) દેવદર્શન
(B) આગળપાછળ
(C) કાચઘર
(D) આજાજનક

106 નીચેના પૈકી કઈ સંધિ યોગ્ય છે?

(A) એક + અધિક = એકાધિક
(B) એક + અંત = એકાંત
(C) વાત + આવરણ = વાતાવરણ
(D) વિદ્યા + આલય = વિદ્યાલય

107 શબ્દ અને તેની મૂળ ભાષાની જોડીઓ પૈકી કઈ જોડી યોગ્ય નથી?

(A) હિન્દી ભાષા - શ્રીયુત
(B) મરાઠી ભાષા - હલકટ
(C) બંગાળી ભાષા - શિલ્પ
(D) અરબી ભાષા - ઈરાદો

108 નીચેના પૈકી પર્યાયવાચી શબ્દોની જોડી મૂલવો :

1. અકબંધ - અક્ષત - સીલબંધ
2. અખિલ - સકલ - સમસ્ત

(A) માત્ર 1 યોગ્ય છે.
(B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

109 નીચેના પૈકી અનેકાર્થી શબ્દોની કઈ જોડી યોગ્ય નથી?

(A) અધર - હોઠ, હવામાં લટકવું
(B) અપર - ઉપરી, આકાશ
(C) અમલ - સત્તા, અધિકાર
(D) ઓડ - બોચી, ગરદન

110 વિવિધાર્થી શબ્દોની યોગ્ય જોડી ગોઠવો :

| | **મૂળ શબ્દ** | | **વિવિધાર્થી શબ્દ** |
|---|---|---|---|
| a. | કાંસ | 1. | ખરલ, શઠ, ધૂર્ત |
| b. | કાંટો | 2. | ઉધરસ, આડખીલી |
| c. | ખાણ | 3. | શૂળ, વજન કરવાનું સાધન |
| d. | ખલ | 4. | ભંડાર, ઢોરના ખાવાનું ગોત |

(A) a-2, b-3, c-4, d-1
(B) a-3, b-4, c-1, d-2
(C) a-4, b-1, c-2, d-3
(D) a-1, b-2, c-3, d-4

**111** Select proper synonym for IMPERTINENT.

(A) Impudent (B) Sceptical
(C) Thoughtless (D) Irritable

**112** Select proper synonym for SUPERCILIOUS.

(A) Indifferent (B) Annoyed
(C) Haughty (D) Angry

**113** Select proper synonym for VENDETTA

(A) Proposal (B) Feud
(C) Revenge (D) Compromise

**114** Select proper antonym for BRIDGE.

(A) Divide (B) Bind
(C) Release (D) Open

**115** Select proper antonym for MALFORMED.

(A) Fetid (B) Sketchy
(C) Curvaceous (D) Shapely

**116** Select proper antonym for DEGENERATE.

(A) Create (B) Progress
(C) Restore (D) Reproduce

**117** Select proper antonym or synonym for CONSEQUENCE.

(A) Indifference (B) Affect
(C) Divergence (D) Outcome

**118** Select proper antonym or synonym for EXHORT.

(A) Condemn
(B) Urge
(C) Prevent
(D) Waste

**119** Read the sentence and find the error if any or mark D as no error is there.

(A) Sixty miles
(B) are
(C) a good distance
(D) No error

**120** Read the sentence and find the error if any or mark D as there is no error.

(A) When the dentist came in
(B) my tooth was stopped aching
(C) out of fear that I might lose my teeth
(D) No error

**121** Find the correctly spelt word.

(A) Rigerous
(B) Rigourous
(C) Regerous
(D) Rigorous

**122** Find the correctly spelt word.

(A) Forecast
(B) Forcast
(C) Forecaste
(D) Forcaust

**123** Group of words are arranged against P, Q, R and S. Arrange them to make a meaningful sentence.

In the darkness,

P - the long, narrow beard
Q - was clearly visible with
R - the tall stooping figure of doctor
S - and the aquiline nose

(A) R, Q, P, S
(B) P, S, Q, R
(C) R, S, Q, P
(D) Q, P, R, S

**124** Group of words are arranged against P, Q, R, S. Arrange them properly.

When it began to rain suddenly on 1st January,

P - to celebrate new year
Q - we ran for shelter
R - to the neighbouring house
S - where many people had gathered

(A) P, Q, R, S
(B) P, S, Q, R
(C) P, R, S, Q
(D) Q, R, S, P

125 શબ્દસમૂહ માટેનો કયો એક શબ્દ યોગ્ય નથી?

(A) ગળામાં પહેરવાનો સોનાનો દોરો - અછોડો

(B) ટચલી આંગળી પાસેથી આંગળી - અનામિકા

(C) ટાળી ન શકાય તેવું - અપરિમેય

(D) સંકેત અનુસાર પ્રેમીઓનું મિલન - અભિસાર

126 ગુજરાતી ભાષામાં કેટલી વિભક્તિઓ છે?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

127 ગુજરાતી ભાષામાં કેટલા વિશેષણ છે?

(A) 9 (B) 8

(C) 7 (D) 6

128 ગુજરાતી ભાષામાં મુખ્યત્વે કેટલા ક્રિયાવિશેષણ છે?

(A) 7 (B) 8

(C) 9 (D) 10

129 ઉચ્ચારણ કે વર્ણનું સામ્ય ધરાવતા પરંતુ ભિન્ન-ભિન્ન અર્થભેદવાળા શબ્દોની કઈ જોડી યોગ્ય નથી?

(A) અપેક્ષા - આશા, ઉપેક્ષા - અવગણના

(B) અપકાર - અનુપકાર, ઉપકાર - અહેસાન

(C) અંસ - ખભો, અંશ - ભાગ

(D) કુલ - એકંદર, કૂલ - કિનારો, ટોળું

130 નીચેના શબ્દસમૂહ માટેના એક શબ્દની કઈ જોડી યોગ્ય નથી?

(A) વધારીને વાત કરવી તે - અત્યુક્તિ

(B) સાચવી રાખવા સોંપેલી વ્યક્તિ - અનાયત

(C) અમૃત જેવી મીઠી નજર - અમીદૃષ્ટિ

(D) કમરથી ઉપરના ભાગનું ચિત્ર - અરુણચિત્ર

131 એન્ટિડાયુરેટિક હાર્મોન (antidiuretic harmone)ના અભાવને કારણે કયો રોગ થવાની સંભાવના છે?

(A) ડાયાબિટીસ ઈન્સિપિડસ (Diabetes insipidus)

(B) ડાયાબિટીસ મેલીટસ (Diabetes mellitus)

(C) ગ્રેવ્સ ડીસીઝ (Grave's disease)

(D) કુશિંગ ડિસીઝ (Cushing's disease)

6398825060

132 CNGનો અર્થ શું છે?

(A) Compressed Natural Gas

(B) Compressed Natural Gasoline

(C) Compressed Nitrogen Gas

(D) Compressed Neon Gas

133 સોડિયમ સ્ટીઅરેટ એક મીઠું છે અને તેનો ઉપયોગ ________ માં થાય છે.

(A) ગનપાઉડર (B) પેઈન્ટ

(C) સાબુ બનાવવા (D) ખાતર બનાવવા

134 ''આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ''ના પિતા કોને કહેવાય છે?

(A) ચાર્લ્સ બેબેજ (B) સી. ડી. ફોરેસ્ટ

(C) જોન મેક્કાર્થી (D) જે. પી. એકર્ટ

135 રક્ત ગંઠાઈ જવા માટે કયું દ્રવ્ય જવાબદાર છે?

(A) ફાઈબ્રીનોજન (B) હિમોગ્લોબીન

(C) ગ્લુકોઝ (D) બ્લડ સેલ

136 નીચેનામાંથી સૌથી મોટું સસ્તન પ્રાણી છે -

(A) હાથી (B) વ્હેલ

(C) ડાયનાસોર (D) ગેંડા

137 કઈ સીસ્ટમ પાક ઉત્પાદન માટે સચોટ ડેટા સંગ્રહ કરે છે અને ખેડૂતો માટે ડેટા સુરક્ષાનું પાલન કરે છે?

(A) એગ્રી સ્ટેક સીસ્ટમ (B) ડિજિટલ ક્રોપ સર્વે સીસ્ટમ

(C) કૃષિ સાહસિક પ્રોગ્રામ (D) CSC પ્રોગ્રામ

138 જાન્યુઆરી 2026માં જાહેર કરાયેલ ICJS-2.0 રાષ્ટ્રીય રેન્કિંગમાં કયા રાજ્યને પ્રથમ સ્થાન મળેલ છે?

(A) હરિયાણા (B) ઉત્તરાખંડ

(C) આસામ (D) મહારાષ્ટ્ર

**139** ભારતમાં સૌ પ્રથમ પેપરલેસ જિલ્લા અદાલત કયા રાજ્યમાં બનેલ છે?

(A) કેરળ (B) તામિલનાડુ
(C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર

**140** Tex-RAMPS પહેલ હેઠળ કાપડ મંત્રાલયે કેટલા રાજ્યો સાથે સમજૂતી કરેલ છે?

(A) 12 (B) 15
(C) 18 (D) 21

**141** ''વિકસિત ભારત, વિકસિત બંદરો'' યોજના હેઠળ રૂ. 235 કરોડનો પ્રોજેક્ટ, તામિલનાડુના કયા શહેરમાં આયોજિત કરેલ હતો?

(A) કોઈમ્બતુર (B) ચેન્નાઈ
(C) મદુરાઈ (D) ત્રિચુરાપલ્લી

**142** ડિસેમ્બર, 2025માં થયેલ કરાર મુજબ કયા બે દેશોએ ''આયુંષ''ને ઔપચારિક માન્યતા આપેલ હતી?

(A) જાપાન - ઑસ્ટ્રેલિયા (B) ઓમાન - ન્યુઝીલૅન્ડ
(C) યૂ.કે. - કૅનેડા (D) જર્મની - ફ્રાન્સ

**143** ભારતમાં રાષ્ટ્રીય ગુણવત્તા અને માપન માળખાને મજબૂત બનાવવા, કઈ સંસ્થાએ બે ટોચના કેલિબ્રેશન સુવિધાઓનું ઉદ્ઘાટન કરેલ છે?

(A) ઈસરો (ISRO) (B) નેશનલ ફિઝિકલ લેબોરેટરી
(C) બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (D) CSIR અને ATIRA

**144** બીના અને મુંબઈ રીફાઈનરી પ્રોજેક્ટ્સ માટે ટેકનીપ એનર્જીસને, કઈ જાહેર ક્ષેત્રની કંપનીએ કોન્ટ્રાક્ટ આપેલ છે?

(A) IOC (B) HPCL
(C) BPCL (D) ONGC


**145** વૈશ્વિક સ્તરે હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવા દર વર્ષે હિન્દી દિવસ કઈ તારીખે ઉજવાય છે?

(A) જાન્યુઆરી-10 (B) જાન્યુઆરી-14
(C) ફેબ્રુઆરી-21 (D) ઑક્ટોબર-26

**146** ગાંધીનગરમાં શરૂ કરાયેલ ''આશા વાન'' મોબાઈલ યુનિટ મુખ્યત્વે આરોગ્ય સંભાળના કયા ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરે છે?

(A) માતા અને બાળ આરોગ્ય (B) હૃદય સંભાળ
(C) ડાયાબિટીસ વ્યવસ્થાપન (D) કેન્સરની સંભાળ

**એક પબ્લિશરનું પુસ્તક માટેનું ખર્ચ નીચે મુજબ છે. આ બાબતને ધ્યાને લઈને નીચેના પ્રશ્નોના જવાબ આપો. (પ્ર.ક્ર. 147 થી 151)**




**147** ચોક્કસ જથ્થાનાં પુસ્તકો માટે રૂ. 30,600 પ્રીન્ટિંગ ખર્ચ થયેલ હોય તો કેટલી રૉયલ્ટી ચૂકવેલ હશે?

(A) રૂ. 19,450 (B) રૂ. 21,200
(C) રૂ. 22,950 (D) રૂ. 26,150

**148** રૉયલ્ટી પર થયેલ ખર્ચને અનુરૂપ ક્ષેત્રનો ખૂણો (Central angle of sector) કેટલાનો બનશે?

(A) 15° (B) 34°
(C) 48° (D) 54°

**149** પુસ્તકની કિંમત મૂળ કિંમત કરતાં 20% વધુ નક્કી થયેલ છે. જો કિંમત રૂ. 180 હોય, તો એક નકલમાં વપરાયેલ કાગળની કિંમત કેટલી હશે?

(A) રૂ. 36 (B) રૂ. 37.50
(C) રૂ. 42 (D) રૂ. 44.25

**150** કોઈ પુસ્તકની 5,500 નકલો પ્રકાશિત થાય અને ટ્રાન્સપોર્ટ ખર્ચ (વાહતુક ખર્ચ) રૂ. 82,500 થાય છે. જો પુસ્તકની કિંમત પર 25% નફો લેવાનો હોય તો વેચાણ કિંમત કેટલી હોવી જોઈએ?

(A) રૂ. 187.50 (B) રૂ. 191.50
(C) રૂ. 175 (D) રૂ. 180

**151** પુસ્તક પર રૉયલ્ટી, છાપકામ ખર્ચ કરતાં કેટલા ટકા ઓછી છે?

(A) 7% (B) $33\frac{1}{3}\%$
(C) 20% (D) 25%

**152** પ્રશ્નાર્થ ચિહ્નનું મૂલ્ય શોધો.

| | | | |
|---|---|---|---|
| 7 | 3 | 6 | 2 |
| 2 | 8 | 5 | 4 |
| 1 | 1 | 2 | 4 |
| 4 | 2 | 1 | ? |

(A) 2 (B) 4
(C) 6 (D) 8

**153** એક બૉક્સમાં 8 લાલ, 7 વાદળી અને 6 લીલા દડા છે, એક દડો રેન્ડમલી (યદચ્છ) ઉપાડવામાં આવે છે જે લાલ અથવા લીલો ન હોવાની સંભાવના કેટલી છે?

(A) 1/3 (B) 3/4
(C) 8/21 (D) 9/21

154 4 માસ બાદ પાકનાર હૂંડી ઉપર બૅન્ક ડિસ્કાઉન્ટ 15%ના દરે રૂ. 400 થાય છે. આ સંજોગોમાં ખરેખર ડિસ્કાઉન્ટ કેટલું હશે?

(A) 320 (B) 360

(C) 400 (D) 480

155 એક પંપ 2 કલાકમાં ટાંકી ભરી શકે છે, પરંતુ લિકેજના કારણે ટાંકી ભરતા $2\frac{1}{3}$ કલાક થાય છે. આ સંજોગોમાં ટાંકીનું બધું જ પાણી ખાલી કરવામાં કેટલો સમય લાગે?

(A) $4\frac{1}{3}$ કલાક (B) 7 કલાક

(C) 8 કલાક (D) 14 કલાક

156 એક ટાંકી ત્રણ પાઈપથી પાંચ કલાકમાં ભરાય છે. પાઈપ C, B પાઈપ કરતાં બમણી ઝડપથી અને B, A પાઈપ કરતાં બમણી ઝડપથી ટાંકી ભરી શકે છે. માત્ર પાઈપ A વડે ટાંકી ભરતા કેટલો સમય લાગશે?

(A) 20 કલાક (B) 25 કલાક

(C) 35 કલાક (D) 45 કલાક

157 A, B, C અને Dને 5 : 2 : 4 : 3ના પ્રમાણમાં રકમ વહેંચવાની છે. જો Cને D કરતાં રૂ. 1,000 વધારે મળે છે તો Bને કેટલાં રૂ. મળશે?

(A) રૂ. 500 (B) રૂ. 1,500

(C) રૂ. 2,000 (D) રૂ. 3,000

158 એક શાળામાં ગણિત, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાન માટેની બેઠકો 5 : 7 : 8ના પ્રમાણમાં છે. આ બેઠકોમાં અનુક્રમે 40%, 50% અને 75%નો વધારો કરવામાં આવે, તો નવી બેઠકોનો ગુણોત્તર શું હશે?

(A) 2 : 3 : 4 (B) 6 : 7 : 8

(C) 6 : 8 : 9 (D) 6 : 9 : 11

159 $\frac{x}{\sqrt{128}} = \frac{\sqrt{162}}{x}$ ના સમીકરણમાં '$x$'નું મૂલ્ય કેટલું હશે?

(A) 12 (B) 14

(C) 144 (D) 196

160 વિદ્યાર્થીઓના એક જૂથ દ્વારા, સભ્યોની સંખ્યા જેટલા રૂપિયા ઉઘરાવવાનું ઠરાવેલ હતું. કુલ રકમ રૂ. 5,929 થાય, તો જૂથમાં કેટલા વિદ્યાર્થીઓ હશે?

(A) 47 (B) 57

(C) 69 (D) 77

161 કયું પ્રિન્ટર લેસર-બીમ અને ઈલેક્ટ્રો ફોટોગ્રાફિક ટેકનિકનો સંયોજિત ઉપયોગ કરે છે?

(A) લેસર પ્રિન્ટર (B) ડૉટ મેટ્રિક્સ

(C) લાઈન પ્રિન્ટર (D) ડાયઝી વ્હીલ

162 સેકંડના અબજમાં ભાગને શું કહે છે?

(A) મિલિ સેકન્ડ (B) માઈક્રો સેકન્ડ

(C) નેનો સેકન્ડ (D) પીકો સેકન્ડ

163 ડિજિટલ કમ્પ્યૂટરના નિયંત્રણ એકમને ઘણીવાર શું કહેવાય છે?

(A) ઘડિયાળ (B) નર્વ સેન્ટર

(C) ICs (D) ઉપરોક્ત બધી જ બાબતો

164 મનુષ્યને હોમોસેપિયન્સ કહેવાય છે, કયા ઉપકરણને ''સિલિકો સેપિયન્સ'' કહેવાય છે?

(A) મોનિટર (B) હાર્ડવેર

(C) રૉબોટ (D) કમ્પ્યૂટર

165 વીડિઓ ડિસ્કનો સૌથી મહત્વપૂર્ણ ફાયદો -

(A) કોમ્પેક્ટનેસ (B) પોટેન્શિયલ કેપેસિટી

(C) ટકાઉપણું (D) ઓછો ખર્ચ

166 કમ્પ્યૂટર દ્વારા કામ પર પ્રક્રિયા કરવામાં આવે તે સમયને શું કહે છે?

(A) ડિલે ટાઈમ (B) રીયલ ટાઈમ

(C) એક્સિક્યુશન ટાઈમ (D) ડાઉન ટાઈમ

167 કમ્પ્યૂટર આઉટપુટની ઉચ્ચ ગુણવત્તા નક્કી કરવા, નીચેનામાંથી શેનો ઉપયોગ થાય છે?

(A) કમ્પ્યૂટર આઉટપુટ માઈક્રોફિલ્મ (B) આઉટપુટ નિયંત્રણ

(C) વૉઈસ આઉટપુટ સિસ્ટમ (D) લિક્વિડ ક્રિસ્ટલ ડિસ્પ્લે

168 રસ્તાના બાંધકામ માટે બાયો-બિટ્યુમનનું વ્યાપારી રીતે ઉત્પાદન અને ઉપયોગ કરનાર વિશ્વનો પ્રથમ દેશ કયો બન્યો છે?

(A) જર્મની (B) ચીન

(C) ભારત (D) જાપાન

169 આસામ સાથે, જૈવવિવિધતા પ્રોત્સાહન આપવા અને સ્થાનિક રીતે લુપ્ત થતી પ્રજાતિઓને પુનઃસ્થાપિત કરવા વન્યજીવન વિનિયમ કરાર પર હસ્તાક્ષર કર્યા છે?

(A) મધ્ય પ્રદેશ (B) મહારાષ્ટ્ર

(C) રાજસ્થાન (D) ઉત્તર પ્રદેશ

170 ધી કમાલા હાઈડ્રોલિક પ્રોજેક્ટ કયા રાજ્યમાં કાર્યવંત થનાર છે?

(A) હિમાચલ પ્રદેશ (B) અરુણાચલ પ્રદેશ

(C) ઉત્તરાખંડ (D) સિક્કિમ

171 સિદ્ધ અગાથિયારના સન્માનમાં અને સિદ્ધ દવાને પ્રોત્સાહન આપવા માટે 2026માં 9મો સિદ્ધ દિવસ કઈ તારીખે ઉજવવામાં આવ્યો?

(A) 1 જાન્યુઆરી (B) 3 જાન્યુઆરી

(C) 6 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી

172 આકાશા એર, ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોશિએશન (IATA)માં જોડાનાર ભારતની કેટલામી વિમાની કંપની છે?

(A) ત્રીજી (B) ચોથી

(C) પાંચમી (D) છઠ્ઠી

173 દૂરના વિસ્તારોમાં સૈનિકો (Soldiers) માટે હાથથી સંચાલિત દરિયાઈ પાણી ડિસેલિનેશન સિસ્ટમ (Swades) કઈ સંસ્થાએ વિકસાવી છે?

(A) ISRO (B) BHEL

(C) HAL (D) DRDO

174 તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં દેશનું સૌથી મોટું, સંકલિત ''આંતરિક રેઈન્બો ટ્રાઉટ ફાર્મ'' શરૂ કરવામાં આવેલ છે?

(A) આંધ્ર પ્રદેશ (B) તેલંગાણા

(C) કર્ણાટક (D) મહારાષ્ટ્ર

175 નીચેનાં વાક્યો ચકાસો -

1. રાષ્ટ્રપતિની ચૂંટણીની જોગવાઈ કલમ 54માં છે.
2. રાષ્ટ્રપતિની ચૂંટણી રીતની પદ્ધતિ કલમ 56માં છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1, 2 બન્ને યોગ્ય છે. (D) 1, 2 બન્ને યોગ્ય નથી.

176 નીચેનાં વાક્યો ચકાસો -

1. રાષ્ટ્રપતિ માટેની લઘુતમ વય મર્યાદા 45 વર્ષ છે.
2. ભારતમાં મતદાન કરવાની લઘુતમ વયમર્યાદા 21 વર્ષની છે.

(A) 1 અને 2 બન્ને યોગ્ય છે. (B) 1, 2 બન્ને યોગ્ય નથી.
(C) માત્ર 1 યોગ્ય છે. (D) માત્ર 2 યોગ્ય છે.

177 નીચેનાં વાક્યો ચકાસો -

1. પ્રધાનમંત્રીની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
2. મંત્રીની નિમણૂક પ્રધાનમંત્રીની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ કરે છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

178 સંસદમાં કોણ-કોણ હોય છે?

(A) માન. રાષ્ટ્રપતિશ્રી (B) રાજ્યસભા
(C) લોકસભા (D) આપેલ તમામ

179 નીચેનાં વાક્યો ચકાસો -

1. રાજ્યસભામાં મહત્તમ 248 રાજ્યોના, સંઘના પ્રતિનિધિઓ છે.
2. લોકસભામાં વધુમાં વધુ 560 સભ્યો હોઈ શકે છે.

(A) માત્ર 1 યોગ્ય છે. (B) માત્ર 2 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે. (D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

180 સંસદનાં ગૃહોના તથા તેના સભ્યોની સત્તા વિશેષાધિકારો વગેરેની ચર્ચા કઈ કલમમાં કરેલ છે?

(A) 103 (B) 104
(C) 105 (D) 106

181 નીચેનાં વાક્યો ચકાસો :

1. નાણાં વિધેયક રાજ્યસભામાં જ રજૂ થાય છે.

2. ''નાણાં વિધેયકની વ્યાખ્યા'' કલમ 110માં છે.

(A) માત્ર 2 યોગ્ય છે.
(B) માત્ર 1 યોગ્ય છે.
(C) 1 અને 2 બન્ને યોગ્ય છે.
(D) 1 અને 2 બન્ને યોગ્ય નથી.

182 ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશની કાર્ય કરવા માટેની મહત્તમ ઉંમર કેટલાં વર્ષની છે?

(A) 58 વર્ષ
(B) 60 વર્ષ
(C) 62 વર્ષ
(D) 65 વર્ષ

183 ઉચ્ચતમ ન્યાયાલયને રેકર્ડ ન્યાયાલય કહેવામાં આવે છે. આ જોગવાઈ કઈ કલમમાં છે?

(A) 128
(B) 129
(C) 130
(D) 131

184 સંઘ અને રાજ્યોના હિસાબોના નમૂના રાખવાની જોગવાઈ, કઈ કલમમાં દર્શાવેલ છે?

(A) 150
(B) 149
(C) 148
(D) 147

185 રાજ્યપાલશ્રીની ધારાકીય સત્તાઓ બાબતે કઈ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) 211
(B) 212
(C) 213
(D) 214

186 બંધારણની જોગવાઈ અને કલમ યોગ્ય રીતે ગોઠવો :

| | | | |
|---|---|---|---|
| 1. | ગ્રામસભા | a. | 243-ઘ |
| 2. | પંચાયતોની રચના | b. | 243-ખ |
| 3. | બેઠકો અનામત રાખવા બાબત | c. | 243-ક |
| 4. | પંચાયતોની મુદ્દત | d. | 243-ચ |

(A) 1-d, 2-c, 3-b, 4-a
(B) 1-a, 2-d, 3-c, 4-b
(C) 1-c, 2-b, 3-a, 4-d
(D) 1-b, 2-a, 3-d, 4-c



6398250060

187 $\frac{(2.39)^2 - (1.61)^2}{2.39 - 1.61}$ નું મૂલ્ય શોધો.

(A) 2 (B) 4

(C) 6 (D) 8

188 ચોરસની બાજુ ગણતી વખતે 2% વધારે ગણતરી થાય છે. આ સંજોગોમાં ક્ષેત્રફળમાં કેટલા ટકા વધારો થશે?

(A) 2% (B) 2.02%

(C) 4% (D) 4.04%

189 જ્યારે 4.20 કલાક વાગ્યા હશે ત્યારે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો બનશે?

(A) $0^o$ (B) $5^o$

(C) $10^o$ (D) $20^o$

190 A, B કરતાં 3 ગણુ ઝડપથી કામ કરી શકે છે અને તે B કરતાં 60 દિવસના ઓછા સમયમાં કામ કરી શકે છે. બન્ને મળીને કેટલા દિવસમાં કામ પૂર્ણ કરશે?

(A) 20 દિવસ (B) $22\frac{1}{2}$ દિવસ

(C) 25 દિવસ (D) 30 દિવસ

191 સ્ટોપેજ સિવાય એક બસની ઝડપ 54 કિમી/કલાકની છે અને સ્ટોપેજ સાથે 45 કિમી/કલાકની ઝડપથી જાય છે. તેણે કેટલી મિનિટ રોકાણ કરેલ હશે?

(A) 9 મિનિટ (B) 10 મિનિટ

(C) 12 મિનિટ (D) 15 મિનિટ

192 $112 \times (5)^4$ નું મૂલ્ય કેટલું હશે?

(A) 67,000 (B) 70,000

(C) 76,500 (D) 77,200

193 A, B કરતાં બે વર્ષ મોટો છે અને C કરતાં બમણી ઉંમરનો છે. જો ત્રણેયની ઉંમર 27 વર્ષ હોય તો Bની ઉંમર કેટલી હશે?

(A) 5 વર્ષ (B) 7 વર્ષ

(C) 10 વર્ષ (D) 12 વર્ષ

6398250060

194 ઑફ લાઈન કામગીરી એ ઉપકરણનું સંચાલન છે જેમાં, નિયંત્રણ વિના કામગીરી કરવામાં આવે છે?

(A) Memory
(B) CPU
(C) ALU
(D) Control Unit

195 ''ડેડિકેટેડ કમ્પ્યૂટર''નો શું અર્થ છે?

(A) તેનો ઉપયોગ માત્ર એક વ્યક્તિ દ્વારા થાય છે.
(B) ફક્ત એક જ કામ માટે તેનો ઉપયોગ થાય છે.
(C) જે ખાસ પ્રકારના સૉફ્ટવેરનો ઉપયોગ કરે છે.
(D) ચોક્કસ સૉફ્ટવેરના વિકાસ માટે વપરાય છે.

196 ચોક્કસ કાર્યો કરવા માટે રચવામાં આવેલ પ્રોગ્રામ શું કહેવાય છે?

(A) સિસ્ટમ સૉફ્ટવેર
(B) એપ્લિકેશન સૉફ્ટવેર
(C) યુટિલિટી પ્રોગ્રામ
(D) ઓપરેટિંગ સીસ્ટમ

197 કમ્પ્યૂટર ગાઈડન્સ સિસ્ટમને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) ગાઈડેડ વેપન
(B) સ્માર્ટ વેપન
(C) ડમ્બ વેપન
(D) સ્ટારવૉર વેપન

198 ________ એક એવી વ્યવસ્થા છે જ્યાં મલ્ટીપલ ડીસ્ક ડ્રાઈવ, વપરાશકર્તાને એક જ ડિસ્ક ડ્રાઈવ તરીકે દેખાય છે.

(A) ડિસ્ક
(B) ડિસ્ક એરે
(C) બંચ ઑફ ડિસ્ક
(D) ડિસ્ક પેક

199 સ્ટેટિક રેમ મેમરીની તુલનામાં ડાયનેમિક મેમરીમાં -

(A) ઓછી બીટ ઘનતા અને વધુ પાવર વપરાશ છે.
(B) ઉચ્ચ બીટ ઘનતા અને વધુ પાવર વપરાશ છે.
(C) ઓછી બીટ ઘનતા અને ઓછો પાવર વપરાશ છે.
(D) ઉચ્ચ બીટ ઘનતા અને ઓછો પાવર વપરાશ છે.

200 કમ્પ્યૂટર શરૂ કરવા માટે જરૂરી બધી સૂચનાઓ અને પ્રક્રિયાઓ જ્યાં સુધી તે ઓપરેટિંગ સિસ્ટમ લોડ કરી શકે, તે ROM ચિપ્સમાં સંગ્રહિત થાય છે. IBMના સુસંગત PCમાં આને શું કહે છે?

(A) RAM BIOS
(B) ROM BIOS
(C) EPROM
(D) POST

## રફ કામ માટે જગ્યા

6398250060 6398250060 6398250060 6398250060 6398250060

6398250060 6398250060 6398250060 6398250060 6398250060